**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૪૧ ટકા

# શહેરમાં વેસ્ટઝોનના વાઈસ ચાન્સેલર્સના સેમિનારનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૭

રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું છે કે, આઝાદીના સાત દશકા બાદ પણ ભારત આજે વિકાસશીલ દેશની હરોળમાં છે. ભારતને વિકસીત દેશ બનાવવામાં શિક્ષણ જ અનિવાર્ય અંગ પુરવાર થઈ રહેશે ત્યારે આજના યુવાનોને ટેકનોલોજી યુક્ત શિક્ષણની સાથે નૈતિક મૂલ્યોનું શિક્ષણ આપવામાં વિશ્વવિદ્યાલયો અને શિક્ષકો જ સાચા માર્ગદર્શક બની રહેશે. શિક્ષકોને પ્રવર્તમાન યુગ મુજબ યુવાનોને શિક્ષિત કરવામાં સક્રિય યોગદાન આપવા તેમણે આહવાન કર્યું હતું.

આજે ગાંધીનગર ખાતે વેસ્ટ ઝોનના વાઈસ ચાન્સેલરો માટે આઈ.આઈ.ટી.ઈ. ખાતે 'શિક્ષણમાં નવા વિચારો પોષવા અને લાગુ પાડવામાં સમસ્યાના ઉપાયો' વિષયક સેમિનારને રાજ્યપલશ્રીએ ખુલ્લો મૂક્યો હતો.

રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ વેસ્ટઝોનમાં આવતા પ્રદેશો ગુજરાત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવામાં આવેલી ૧૪૦ જેટલી યુનિવર્સિટીમાંથી આવેલા કુલપતિશ્રીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આઝાદીના સાત દશક બાદ પણ આપણો દેશ વિકસિત દેશની હરોળમાં નથી પહોંચી શક્યો. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આપણા વિશ્વવિદ્યાલયોમાં પાયાનું શિક્ષણ અને ઉચ્ચશિક્ષણમાં શું ઘટે છે અને કયા ફેરફાર જરૂરી છે તે વિષય પર વિચાર મંથન થવું જોઈએ. વિકાસ મોડેલ પર બોલતાં તેમણે ઉમેર્યું હતું કે, અન્ય દેશની સમસ્યા આપણા દેશથી અલગ છે. આપણા દેશની સમસ્યાને અનુરૂપ વિકાસ મોડલ બનાવવું જોઈએ. જે સમાજની મુશ્કેલી ઘટાડે. નૈતિક મૂલ્યોની ખરી સમજ આપનારા શિક્ષકો જ છે જે નવી પેઢીના જ્ઞાનની જિજ્ઞાસા સંતોષે, તેને પોષે અને વર્તમાન સમયની આધૂનિક સમસ્યાને નાથવા મદદરૂપ બને.





જૂની ગુરૂકુળ શિક્ષણની પરંપરાને યાદ કરતાં રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, તક્ષશિલાને દુનિયાની પ્રથમ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કહી શકાય. જ્યાંથી પાણિની, કૌટીલ્ય અને મૌર્ય જેવા વિદ્વાનોએ જ્ઞાન લીધું તેવી ગુરૂકુળ પ્રથાની આગવી ઓળખ તક્ષશીલામાં શિક્ષણની અદભૂત પદ્ધતિ હતી. ગુરૂકુળમાંથી ભણીને નીકળનારો વિદ્યાર્થી એક પણ દિવસ કામ વગર ન રહે તેને તે સમય મજબ ઉચિત કામ મળતું હતું. હવેના વિશ્વવિદ્યાલયોએ આજ કરવાનું છે. દરેક વિદ્યાર્થી શિક્ષા પ્રાપ્ત કર્યા પછી બેકાર બેસી ન રહેવો જોઈએ.

આ પ્રસંગે આઈ.આઈ.એમ.ના પદ્મશ્રી અને ભારત એક ખોજ યાત્રા દ્વારા ખૂબજ પ્રખ્યાત થયેલા અનિલ ગુપ્તા અને ડૉ.બી.એસ.પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. શશિરંજન યાદવે જણાવ્યું કે, ગુજરાત એક માત્ર ઉત્તમ શિક્ષક તૈયાર કરનાર ટીચર યુનિવર્સિટી નવા વિચારોથી ચાલતી સંસ્થા છે. વેસ્ટ ઝોનમાં આવતી ૧૪૦ જેટલી યુનિવર્સિટીમાંથી આવેલા તજજ્ઞો દ્વારા બે દિવસ શિક્ષણમાં નવા વિચારોનો અમલ અને અડચણ વિષય પર જે કાંઈ ચર્ચા થશે તે ભવિષ્ય માટે નવા નિર્ણયો અને નીતિ ઘડવામાં મદદરૂપ પુરવાર થશે. આ પ્રસંગે વેસ્ટઝોન યુનિવર્સિટીના કાઉન્સિલરો, વિષય નિષ્ણાંતો-તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર ઉત્તર બેઠક પર પ્રવર્તમાન ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા ફોર્મ ભરવાના કાર્યક્રમને પગલે કાર્યકરો માટે સે-૧૨ના રંગમંચ ખાતે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ભોજન વ્યવસ્થામાં ભોજન વધી પડતા અન્નનો બગાડ ના થાય તે હેતુથી ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારોને બોલાવી તેનું વિતરણ કરી દેવાયું હતું.

# બાળગીત, કાવ્યગાન, વકતૃત્વ સ્પર્ધા - 'પ્રતિભા'નું આયોજન

ગાંધીનગર, તા.૨૭

સ્કૂલ ઓફ ઍચિવર, કુડાસણના પ્રાંગણમાં શનિવાર તા.૨૫/૧૧/૨૦૧૭ ના રોજ 'પ્રતિભા' શીર્ષક હેઠળ ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા બાળગીત, કાવ્યગાન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં બાળભૂલકાંઓ દ્વારા સુંદર અને લયબદ્ધ વિવિધ બાળગીત અને કાવ્યની રજૂઆત થઈ. ધોરણ- ૬ અને ૭ ના વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રોનિક ઉપકરણોના લાભાલાભ અંગે અને ધોરણ- ૮ અને ૯ ના વિદ્યાર્થીઓએ માનવનિર્મિત પ્રદૂષણ અંગેના પોતાના મંતવ્યો ખૂબ સુંદર રીતે રજૂ કર્યા હતાં.



સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ શાળાના શિક્ષિકા શ્રી દક્ષાબા ચાવડાએ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન પ્રિન્સીપાલશ્રીએ કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય આપ્યું તેમજ વા. પ્રિન્સીપાલશ્રીએ પણ વિવિધ હાઉસને ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. સ્પર્ધાનાં વિજેતા બાળકોને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાયાં હતાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોમાં અદમ્ય ઉત્સાહ અને શિસ્તનાં દર્શન થયાં હતાં.



શ્રી પોલી કલીનીક સરગાસણ ખાતે રવિવારે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ઓર્થોપેડીક સર્જન ડો. ધવલ ગોસ્વામી, ફીઝીશ્યન ડો. મોલિના કાપડિયા, ફર્ટીલીટી નિષ્ણાંત ડો. તૃપ્તિ પંડીત, ડેન્ટલ સર્જન ડો. વંદના પટેલ તેમજ ફીઝીશ્યન સર્જન ડો. મંજુબેન પટેલે સેવાઓ આપી હતી. આ ઉપરાંત આંખોની તપાસ અને ચશ્માના નંબર વિષયક તપાસ કરવામાં આવી હતી. ઘણી મોટી સંખ્યામાં આ સેવાનો લાભ સ્થાનિકોએ મેળવ્યો હતો.

## ચૌધરી કોલેજની મેશ્વા ચૌધરી ખેલ મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની ચૌધરી કોમર્સ કોલેજની ખેલાડી મેશ્વા ચૌધરીએ વર્ષ દરમિયાન વિવિધ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા કોલેજ સંચાલક



પરિવાર દ્વારા તેને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. મેશ્વા ચૌધરીએ તાજેતરમાં રાજયકક્ષાના ખેલ મહાકુંભમાં કબડ્ડી ઉપરાંત અગાઉ ઈન્ટર યુનિવર્સિટીમાં જુડો તથા કુસ્તી વગેરે રમતોમાં પણ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.

ખેલ મહાકુંભમાં રાજય ઝોન કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ વિજેતા ટીમમાં મેશ્વા ચૌધરીએ પદાર્પણ કર્યું હતું. આ ઉપરાંત તેણે સતત બે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં ઝુડો સ્પર્ધામાં સિલ્વર મેડલ અને વર્ષ ૨૦૧૭-૧૮માં કુસ્તીમાં પણ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. વળી નવેમ્બર માસમાં જ મુંબઈના મહાડ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કબડ્ડી ચેમ્પિયનશીપમાં પણ મેશ્વા ચૌધરીએ ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરી યુનિવર્સિટી તથા કોલેજનું ગૌરવ વધાર્યું હતું. અખિલ ચૌધરી આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ એસ.આર. ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી સહિત ટ્રસ્ટીઓ તથા પ્રિન્સિપાલ પ્રશાંત વાઘેલા, સ્પોર્ટસ ઈન્ચાર્જ વિનોદભાઈ, પ્રો. રાકેશ પ્રજાપતિ સહિત કોલેજ પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા.

# 'રન ફોર સોલ્જર્સ' થીમ સાથે અદાણી મેરેથોનમાં રનર્સ દોડયા

અમદાવાદમાં આવેલા શાંતિગ્રામ ખાતે અદાણી મેરેથોન આયોજીત કરવામાં આવી હતી. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ ફલેગ ઑફ કરાવી ૪૨ કિમીની ફુલ અને ૨૧.૦૯૭ કિમીની હાફ મેરેથોન ખુલ્લી મુકી હતી.

'રન ફોર સોલ્જર્સ'ની થીમ સાથે ફુલ અને હાફમાં લગભગ બે હજાર રનર્સે ભાગ લીધો હતો. ગૌતમ અદાણીએ સોલ્જર્સ ફંડ માટે પચાસ લાખનો ચેક અર્પણ કર્યો હતો. અને જેટલા રનર્સે ફી ભરી હતી એ પણ સૈનિક ફાળામાં જમા કરાઈ હતી.

આ મેરેથોનમાં ૧૦ કિમી વિભાગમાં પાંચ જાર રનર્સે ભાગ લઈ સૈનિકો પ્રત્યે એમનો પ્રેમ દર્શાવ્યો હતો. મેરેથોન ફિનીશ કરનારને મેડલ અને વિજેતાને ઈનામો અપાયા હતા.



આ વખતે ગાંધીનગર રનર્સ ગ્રુપના ૬૦થી વધુ સભ્યોએ ભાગ લઈને શહેરનું ગૌરવ વધાર્યું હતું.

# સિલ્વર મેડલ વિજેતા ગુજરાતની ટીમમાં ગાંધીનગરની ખનક

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની મમતા સ્પોર્ટસ એકેડેમીમાં તાલીમ મેળવી રૉલ બૉલ ખેલાડી ખનક છાબલાનીએ રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. તાજેતરમાં છત્તીસગઢ ખાતે યોજાયેલ ૬૩મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં રૉલ બૉલ સ્પર્ધામાં અન્ડર-૧૪ કેટેગરીમાં ગુજરાતની ટીમે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં ખનક છાબલાનીનો સમાવેશ થાય છે.

નેશનલ સ્કૂલ ગેમ્સની રૉલ બૉલ સ્પર્ધામાં અન્ડર-૧૪ કેટેગરીમાં દેશભરમાંથી ૧૧ રાજયોની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાતની ટીમ દ્વિતિય સ્થાને વિજેતા બનતા સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. ગાંધીનગરના મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે પ્રેકટીશ કરતી ખનક છાબલાનીનો આ ટીમમાં સમાવેશ કરાયો હતો. ખનકના કોચ વસીમ મનસુરી તથા સ્પોર્ટસ સેન્ટરના સંચાલક દિનાબેન ડોડિયાએ અભિનંદન પાઠવ્યા હતા.





કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત આર.એમ. લલીતકલા એકેડમી ખાતે રવિવારે નૃત્યની પ્રેકટીકલ પરીક્ષા લેવામાં આવી હતી. જયાં ભરતનાટયમ અને કથ્થકના વિદ્યાર્થીઓએ પ્રેકટીકલ પરીક્ષા આપી હતી.

# આર.જી. કન્યા વિદ્યાલય દ્વારા મતદાન જાગૃતિ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિ ગાંધીનગરની શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય (માધ્યમિક) અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળા સે-૨૩ ગાંધીનગરમાં શનિવારે સવારે શાળાના પટાંગણમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો-૯ થી ૧૨ની ૧૪૬૧ વિદ્યાર્થીનીઓની હાજરીમાં એન.એસ.એસ. વિભાગના કન્વીનર રમેશભાઈ પટેલ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને મતદાન જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીની પાસે તેઓ રોજ મતદાતાને જાગૃત કરી પાંચ મત અપાવશે તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શાળાના આચાર્યા સુધાબેન પટેલે પણ પોતાના મતની મહત્તા વિશે સમજ આપી હતી. આ ઉપરાંત રેલી-બેનરો સાથે ઘ-૫, ગાંધીનગર સર્કલે એન.એસ.એસ.ની સ્વયંસેવિકાઓ દ્વારા મતદાતાઓને જાગૃત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ તથા સુપરવાઈઝર ગીતેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ, હંસાબેન પટેલ તથા શાળાના સ્ટાફે આ કાર્યક્રમમાં સાથ અને સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ વિભાગના કન્વીનર રમેશભાઈ પટેલે કર્યું હતું.




# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિજ્ઞાન, ગણિત, ચિત્રકલા તેમજ સામાજિક વિજ્ઞાન મેળાનું આયોજન

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે તા. ૨૫-૧૧-૨૦૧૭ને શનિવારના રોજ વિજ્ઞાન, ગણિત, ચિત્રકલા તેમજ સામાજિક વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં પ્રિ પ્રાયમરીથી ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ વિષયોના પ્રયોગિક કાર્યને સફળ બનાવ્યું હતું. વાલીગણ, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનને નિહાળી, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તેમજ વિદ્યાર્થીઓના કાર્ય-કુશળતાની પ્રશંસા કરી હતી. નાના ભૂલકાંઓથી લઈ ધોરણ-૯ સુધીના ભાગ લેનાર વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



## સમર્પણ મુક બધિર ખેલ મહાકુંભમાં વોલીબોલમાં પ્રથમ નંબરે વિજેતા

ગાંધીનગર, તા.૨૭

સમર્પણ મુક-બધિર શાળા સેકટર-૨૮ ગાંધીનગરના વિદ્યાર્થીઓની વોલીબોલ સ્પર્ધા અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાઈ હતી. જેમાં ૧૬ વર્ષની ઉપરના ગ્રુપમાં ભાઈઓ તથા બહેનોએ ખેલ મહાકુંભની વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

# બીબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે CMAT પરીક્ષાનું માર્ગદર્શન

ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૭/૧૧/૨૦૧૭ સવારે ૧૦.૩૦ વાગ્યાથી ૧૨.૧૫ દરમ્યાન તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે CAT,CMAT પરીક્ષાઓનું માર્ગદર્શન આપતા વર્કશોપનું આયોજન થયુ હતુ. જેમાં તૃતીય વર્ષ નાં ૨૨૫ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડો.જયેશ તન્નાએ વર્કશોપનો ઉદેશ્ય વિદ્યાર્થીઓને સમજાવ્યો હતો. આ વર્કશોપનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓમાં રહેલા વિવિધ સ્પર્ધાત્મકતા કેળવવાના કૌશલ્યો વિકસે તેમજ ઉચ્ચ અભ્યાસ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ચાવીરૂપ માર્ગદર્શન મળી રહે એવો હતો. આજના કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસમાં એમબીએનું મહત્વ બાબતે વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલય મેનેજમેન્ટ વિભાગ ના ડીન તેમજ એસ.કે.પટેલ કોલેજ(એમબીએ) વિભાગના ડાયરેકટર ડો.ભાવિન પંડયાએ વિદ્યાર્થીઓને ચાવીરૂપ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં તેમને CAT, CMAT સહીતની એમબીએ માટેની સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ



બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને વિદ્યાર્થીઓને એમબીએ અભ્યાસક્રમ કઈ રીતે ઉજવવળ કારકિર્દી ના ઘડતરમાં ઉપયોગી છે. તેમજ તેના માટે ઉપરોક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં કઈ રીતે સારી રીતે સફળ થઈ શકાય તે બાબતનું તલસ્પર્શી માર્ગદશન આપ્યું હતું.

વર્કશોપમાં વિદ્યાર્થીઓનો હકારાત્મક અભિગમ કેળવાય તેવુ પ્રેરક સંબોધન વક્તાશ્રી દ્વારા કરવામાં આવ્યુ હતુ. અને વિદ્યાર્થીઓનાં સમગ્ર વ્યક્તિત્વ નો વિકાસ થાય તેવુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર ટીમ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ

અમારા માતૃશ્રી સ્વ. હિરાબેન ચીમનલાલ જોષીનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩૦-૧૧-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૯.૩૦ થી ૧ કલાકે મુ.ટીંટોડા, બ્રાહ્મણ વાસ, તા.જી. ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ઉર્મિલાબેન પ્રમોદરાય ભાવસાર, ઉ.વ. ૭૭
- સ્વ. રેવાબેન બચુજી સોલંકી, ઉ.વ. ૬૫